RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 65 * Date: 27.12.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભારતને સુપરપાવર જ નહીં, વિશ્વગુરુ પણ બનવું જોઈએ: ભાગવત



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઇજીજી) પ્રમુખ મોહન ભાગવત આંધ્રપ્રદેશના તિરુપતિના પ્રવાસે છે. ભારતીય વિજ્ઞાન સંમેલન (મ્ફજી) ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં શુક્રવારે ભાગવતે કહ્યું- ભારતનું આગળ વધવું નિશ્ચિત છે. પરંતુ આપણે માત્ર સુપરપાવર જ નહીં, પણ વિશ્વગુરુ પણ બનવું જોઈએ.મોહન ભાગવતે કહ્યું કે ધર્મ અને વિજ્ઞાન વચ્ચે કોઈ ટકરાવ નથી. બસ તેમના રસ્તા અલગ છે, મંઝિલ એક જ છે. આપણા વિકાસની વિચારસરણીનો આધાર ધર્મ છે. ધર્મ માત્ર મઝહબ નથી, પરંતુ તે પ્રકૃતિ અને બ્રહ્માંડના સંચાલનની રીત છે.આ પહેલા ઇજીજી ચીફે ભગવાન વેંકટેશ્વર સ્વામી મંદિરમાં દર્શન કર્યા. તિરુપતિના અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું. પૂજારીઓએ તેમને રેશમી વસ્ત્રો પહેરાવી સન્માનિત કર્યા.મોહન ભાગવતે કહ્યું કે આપણે લોકોને જૂની અને નવી અંધશ્રદ્ધાઓમાંથી બહાર કાઢવામાં મદદ કરવી જોઈએ. કુદરતી આફતોના સમયે ઘણીવાર મંદિરો તેમની મજબૂત રચનાને કારણે સુરક્ષિત રહે છે.તેમણે જણાવ્યું કે ૧૦,૦૦૦ વર્ષ સુધી પરંપરાગત ખેતીથી જમીન સુરક્ષિત રહી, પરંતુ વધુ રાસાયણિક ખાતરના ઉપયોગથી સમસ્યાઓ ઊભી થઈ. પરિસ્થિતિ એવી છે કે પંજાબથી જયપુર સુધી 'કેન્સર ટ્રેન' ચાલી રહી છે. ભારતનું આગળ વધવું નિશ્ચિત છે અને તેને માત્ર સુપરપાવર જ નહી, પરંતુ વિશ્વગુરુ પણ બનવું જોઈએ.મોહન ભાગવતનું કહેવું હતું કે લિવ-ઇન રિલેશનશિપમાં રહેતા લોકો જવાબદારી લેવા તૈયાર નથી. તેમણે કહ્યું કે પરિવાર, લગ્ન, માત્ર શારીરિક સંતોષનું સાધન નથી. તે સમાજનો એક એકમ છે. તેમણે આગળ કહ્યું હતું કે પરિવાર તે જગ્યા છે જ્યાં એક વ્યક્તિ સમાજમાં રહેતા શીખે છે. લોકોના મૂલ્યો ત્યાંથી જ આવે છે. સંપૂર્ણ સમાચાર વાંચો...ઇજીજી પ્રમુખ મોહન ભાગવતે કોલકાતામાં કહ્યું હતું કે સંઘને મ્ત્નના લેન્સથી જોવાનો પ્રયાસ ન કરો. સંઘ માત્ર એક સર્વિસ ઓર્ગેનાઈઝેશન નથી. સંઘને સમજવું હોય તો સંઘને જ જોવું પડે છે. તેમણે આગળ કહ્યું હતું કે ઘણા લોકોની પ્રવૃત્તિ હોય છે કે સંઘને મ્ત્નના ચશ્માથી સમજવું. આ બહુ મોટી ભૂલ હશે. સંઘને જોઈને સમજી શકાતું નથી, તેને અનુભવ કરવો પડશે.ઇજીજી પ્રમુખ મોહન ભાગવતે કહ્યું હતું કે હિંદુઓએ એકજૂટ થઈને દેશને આગળ લઈ જવો પડશે. તેના માટે તેવું જ આચરણ કરવું પડશે. આપણે જ્યાં રહીએ છીએ તે હિંદુ ઘરની જેમ સજાવેલું હોવું જોઈએ. આપણે એ નક્કી કરવું પડશે કે ઘરની દીવાલો પર સ્વામી વિવેકાનંદની તસવીર હોય કે માઈકલ જેક્સનની.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ યુવકની હત્યા કરવામાં આવી

ઢાકા,

બાંગ્લાદેશમાં હિંસા સતત ચાલુ છે. દેશમાં વધુ એક હિન્દુ વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. ટોળાએ વધુ એક હિન્દુ યુવકને માર મારીને હત્યા કરી છે, પરંતુ પોલીસનું કહેવું છે કે આ હુમલો ખંડણી સાથે જોડાયેલો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બાંગ્લાદેશના રાજબારી જિલ્લાના પાંશામાં બુધવારે મોડી રાત્રે ગામલોકોના એક જૂથે ખંડણીના આરોપસર એક હિન્દુ વ્યક્તિને માર મારીને હત્યા કરી દીધી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી.

બાંગ્લાદેશ પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકનું નામ અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ છે, જેના પર ખંડણી અને ધાકધમકી આપવાના અનેક કેસ છે. પોલીસનું કહેવું છે કે અમૃત ×સમ્રાટ બહિની×નો લીડર હતો. અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ (૩૦) હુસેનડાંગાના અક્ષય મંડલનો પુત્ર છે. પોલીસે સમ્રાટના સહયોગી મોહમ્મદ સલીમની ધરપકડ કરી છે અને પિસ્તોલ સહિત હથિયારો જપ્ત કર્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પંગશા સર્કલના સહાયક પોલીસ અધિક્ષક દેબ્રત સરકારે જણાવ્યું હતું કે સ્થાનિક લોકો પાસેથી માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી કે એક વ્યક્તિ પર હુમલો થયો છે. પીડિતની ઓળખ અમૃત મંડલ તરીકે થઈ હતી, જેને સમ્રાટ તરીકે પણ ઓળખવામાં આવે છે. પોલીસે તેને ગંભીર હાલતમાં શોધી કાઢ્યો હતો અને તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસનું કહેવું છે કે સમ્રાટ વિરુદ્ધ હત્યા સહિત બે કેસ નોંધાયા છે. સ્થાનિક લોકોએ પોલીસને જણાવ્યું હતું કે સમ્રાટ કથિત રીતે ગુનાહિત ગેંગ ચલાવતો હતો અને ખંડણી અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ હતો. તેમનો દાવો છે કે તે લાંબા સમયથી ભારતમાં છુપાયેલો હતો અને તાજેતરમાં જ બાંગ્લાદેશમાં તેના ગામ પાછો ફર્યો હતો.

ગ્રામજનોનું કહેવું છે કે સમ્રાટે સ્થાનિક રહેવાસી શાહિદુલ ઇસ્લામ પાસેથી પૈસાની માંગણી કરી હતી. બુધવારે રાત્રે તે અને તેના ઘણા સાથીઓ કથિત રીતે શાહિદુલના ઘરે પૈસા પડાવવા ગયા હતા. જ્યારે



પરિવારે ×ચોર, ચોર× બૂમો પાડવાનું શરૂ કર્યું, ત્યારે ગામલોકો ભેગા થઈ ગયા અને સમ્રાટને માર મારવા લાગ્યા. તેના અન્ય સાથીઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા. સલીમ પાસેથી હથિયારો મળી આવ્યા હતા, જેને પોલીસને સોંપવામાં આવ્યો હતો.

આ ઘટના બાંગ્લાદેશમાં દીપુ ચંદ્ર નામના હિન્દુ વ્યક્તિની ટોળા દ્વારા કરવામાં આવેલી હત્યાના થોડા દિવસો પછી બની હતી. બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસે લિંચિંગની નિંદા કરી અને કહ્યું કે દેશમાં ટોળાની હિંસા અને સાંપ્રદાયિક હિંસાનું કોઈ સ્થાન નથી.

# બેંગકોકથી લાવવામાં આવેલો કરોડોનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો

અમદાવાદ,

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર નશાના કારોબાર વિરુદ્ધ કસ્ટમ્સના એર ઇન્ટેલિજન્સ યુનિટ (છૈં) એ મોટી સફળતા મેળવી છે. બેંગકોકથી ફ્લાઈટમાં આવેલા એક મુસાફર પાસેથી કરોડોની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડવામાં આવ્યો છે. આ ડ્રગ્સ ટ્રોલી બેગમાં છુપાવીને લાવવામાં આવી રહ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઈટમાં એક મુસાફરની હિલચાલ શંકાસ્પદ જણાતા એર ઇન્ટેલિજન્સ



યુનિટના અધિકારીઓએ તેની તપાસ કરી હતી. મુસાફરની ટ્રોલી બેગની ઝીણવટભરી તપાસ દરમિયાન તેમાંથી ૩.૯ કિલો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. આ ગાંજો અત્યંત ઉચ્ચ ગુણવત્તાનો હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત કરોડો રૂપિયા અંકાઈ રહી છે. કોર્ટે તમામ દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને જ્યુડિશ્યલ કસ્ટડી કરવાનો આદેશ આપ્યો છે.તપાસ એજન્સીઓ હવે એ દિશામાં કામ કરી રહી છે કે આ ડ્રગ્સનો જથ્થો ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો અને શું આ પાછળ કોઈ મોટું આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટ કામ કરી રહ્યું છે? અમદાવાદ એરપોર્ટ પર સતર્કતાને કારણે ડ્રગ્સ ઘુસાડવાનો આ મોટો પ્રયાસ નિષ્ફળ રહ્યો છે.

# દિલ્હીમાં સૌરભ ભારદ્વાજ સહિત આપના ત્રણ નેતાઓ વિરુદ્ધ FIR

નવી દિલ્હી,

દિલ્હી પોલીસે આમ આદમી પાર્ટી (AAP) નેતા સૌરભ ભારદ્વાજ, સંજય ઝા અને આદિલ અહમદ ખાન વિરૂદ્ધમાં ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાના આરોપને લઈને ફરિયાદ નોંધવામાં આવી છે. ઈસાઈ સમુદાયના પવિત્ર પ્રતીક સાંતા ક્લોઝના કથિત અપમાન મામલે ખુશબુ જોર્જ દ્વારા કરેલી ફરિયાદના આધારે FIR નોંધવામાં આવી છે.

ફરિયાદ મુજબ, આ વિવાદ ૧૭ અને ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ નેતાઓ તેમના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટમાં મૂકવામાં આવેલા એક વીડિયો બાદ શરૂ થયો હતો. આ વીડિયો દિલ્હીના કનોટ પ્લેસમાં આયોજિત એક રાજકીય નાટકનો એક ભાગ હતો. વીડિયોમાં ઈસાઈ સમુદાયના સન્માનિત ધાર્મિક-સાંસ્કૃતિક પ્રતીક સાંતા ક્લોઝને મજાક અને અપમાનજનક રીતે રજૂ કરાયા હોવાનો ફરિયાદમાં આરોપી છે. ફરિયાદીનું કહેવું છે કે, નેતાઓ દ્વારા મૂકવામાં આવેલા વીડિયોમાં સાંતા ક્લોઝને રસ્તા પર બેભાન થઈને પડતાં દેખાડવામાં આવ્યા છે. તેમનો ઉપયોગ ગંભીર ધાર્મિક વ્યક્તિની જગ્યાએ રાજકીય સંદેશ આપવા માટે એક સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. વીડિયોના એક ભાગમાં સાન્તા ક્લોઝને ખોટા ઝઁઈ આપતા બતાવવામાં આવ્યા છે, જેને ખ્રિસ્તીઓ સેન્ટ નિકોલસ અને નાતાલની પવિત્રતાની મજાક ગણી છે.

FIRમાં ઉલ્લેખ કર્યો છે કે, આ કૃત્ય જાણીજોઈને અને દુર્ભાવનાપૂર્ણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને એડવેન્ટ એટલે કે ક્રિસમસ પહેલાના સમયમાં આ પ્રકારનો વીડિયો જાહેર કરીને ઈસાઈ ધર્મ પ્રતિ અનાદર દર્શાવે છે. ઈસાઈ સમુદાયનું માનવું છે કે, રાજકીય લાભ માટે એક પવિત્ર પ્રતીકની આ રીતે જાહેરમાં મજાક કરવી એ તેમની આસ્થા પર ઊંડો ઘા છે. સમગ્ર મામલે દિલ્હી પોલીસે ગંભીરતા દાખવીને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૨ હેઠળ ફરિયાદ નોંધી છે. પોલીસ અનુસાર, કોઈપણ ધાર્મિક પ્રતીકની જાહેરમાં મજાક ઉડાવવી કે તેનું અપમાન કરવું એ ફોજદારી ગુનો છે. પોલીસે જણાવ્યું હતું કે, 'ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા અને જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરવાના આધારે કેસ નોંધવામાં આવ્યો છે. ડિજિટલ પુરાવા અને સોશિયલ મીડિયા પોસ્ટની તપાસ કરવામાં આવી રહી છે.'

# આપઘાત કરવા જતા યુવકને NSUIના કાર્યકરોએ બચાવ્યો

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં આપઘાતના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે, ત્યારે બુધવારે (૨૪ ડિસેમ્બર) રાત્રે ઝ્રસ ડબલ ડેકર બ્રિજ પર એક યુવકે આપઘાતનો પ્રયાસ કરતા અફરાતફરી મચી ગઈ હતી. જો કે, ત્યાંથી પસાર થઈ રહેલા દ્ગજીેંના કાર્યકરોની સમયસૂચકતા અને બહાદુરીને કારણે યુવકનો જીવ બચી ગયો છે.મળતી માહિતી અનુસાર, રાત્રિના સમયે એક યુવક ઝ્રસ બ્રિજની રેલિંગ પર ચડી ગયો હતો અને નીચે કૂદવાની તૈયારી કરી રહ્યો હતો. આ દ્રશ્ય જોઈને બ્રિજ નીચે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. લોકો નીચેથી યુવકને સમજાવવા અને નીચે ઉતરવા માટે વિનંતી કરી રહ્યા હતા, પરંતુ યુવક કોઈની વાત સાંભળવા તૈયાર નહોતો.



આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા દ્ગજીેંના કાર્યકરોની નજર આ યુવક પર પડી હતી. યુવક નીચે જુએ તે પહેલા જ કેટલાક કાર્યકરો ચૂપચાપ બ્રિજ પર ઉપર પહોંચી ગયા હતા.યુવક છલાંગ લગાવવા જ જતો હતો કે તરત જ એક કાર્યકરે તેનો શર્ટ પકડી લીધો હતો. શર્ટ પકડાઈ જતા યુવકે શર્ટ કાઢીને પણ નીચે કૂદવાનો ઝનૂની પ્રયાસ કર્યો હતો, પરંતુ અન્ય કાર્યકરો અને સ્થાનિક લોકો ત્યાં દોડી આવ્યા હતા અને તેને મજબૂતીથી પકડી લીધો હતો.યુવકને સુરક્ષિત રીતે નીચે ઉતાર્યા બાદ તેની પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં સામે આવ્યું છે કે, યુવક મૂળ છોટાઉદેપુર જિલ્લાનો રહેવાસી છે. પારિવારિક સમસ્યાઓ અને માનસિક તણાવને કારણે તે કંટાળી ગયો હતો અને આત્મહત્યા કરવા માટે અમદાવાદ આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ રામોલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. દ્ગજીેંના કાર્યકરોએ યુવકને સમજાવીને રામોલ પોલીસને સોંપ્યો હતો. પોલીસે યુવકના પરિવારનો સંપર્ક કરવાની અને તેને કાઉન્સેલિંગ માટે મોકલવાની તજવીજ હાથ ધરી છે.

# અયોધ્યા રામ મંદિરમાં દર્શન કર્યા બાદ ત્યાંથી જ મળી જશે ટ્રેનની ટિકિટ

અયોધ્યા,

અયોધ્યા જતાં રામ ભક્તો માટે એક મોટી અને રાહતભરી ખબર આવી રહી છે. હવે પ્રભુ શ્રીરામના દર્શન માટે અયોધ્યા જતાં શ્રદ્ધાળુઓનો રેલવે સ્ટેશન પર ટિકિટ લેવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડશે નહીં. રામ મંદિર પરિસરમાં આવેલા યાત્રી સેવા કેન્દ્રમાં હવે દેશભરની ટ્રેન ટિકિટ મળી જશે.

આ સુવિધા શરૂ થવાથી રામભક્તોને દર્શન, પૂજા અને યાત્રા ત્રણેયમાં સહજતા મળશે. રામ મંદિર ટ્રસ્ટ તરફથી શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખતા આ પગલું ઉઠાવવામાં આવ્યું છે. મંદિર પરિસરના યાત્રી સેવા કેન્દ્રમાં એક આધુનિક ટિકિટ ઘર બનાવવામાં આવ્યું છે, જ્યાંથી યાત્રીઓ દેશના વિવિધ ભાગ માટે રેલ ટિકિટ બુક કરાવી શકે છે. ખાસ વાત એ છે કે શ્રદ્ધાળુઓ પ્રભુ શ્રી રામના દર્શન કર્યા બાદ ત્યાંથી પરત ફરવા અથવા આગળની યાત્રાની ટિકિટ સરળતાથી મેળવી શકશે. અત્યાર સુધી રામ ભક્તોને દર્શન બાદ રેલવે સ્ટેશને જઈને ટિકિટ લેવા માટે વધારાનો સમય અને મહેનત કરવી પડતી હતી. ઘણી વાર ભારે ભીડના કારણે યાત્રીઓને ઘણી તકલીફનો સામનો કરવો પડતો હતો. આ નવી વ્યવસ્થાથી ન ફક્ત સમયની બચત થશે, પણ વૃદ્ધો, મહિલાઓ અને અંતરિયાળ વિસ્તારમાંથી આવતા શ્રદ્ધાળુઓને ખાસ રાહત મળશે.

## તંત્રી સ્થાનેથી..

# ગ્વાટેમાલામાં એલચીનો પાક નિષ્ફળ જતા ભારતના નિકાસકારોને લાભ

મુંબઈ : ગ્વાટેમાલામાં એલચીનો પાક નિષ્ફળ રહેતા ભારતના એલચીના નિકાસકારો માટે સ્થિતિ સાનુકૂળ બની છે અને એલચીની ખાસ કરીને અખાતના બજારોમાં વધુ નિકાસ કરી શકશે તેવી અપેક્ષા રાખી રહ્યા છે. વર્તમાન વર્ષમાં ભારતના નિકાસકારો ૧૨૦૦૦થી ૧૩૫૦૦ ટન જેટલી વિક્રમી એલચીની નિકાસ કરશે તેવી શકયતા હોવાનું ઉદ્યોગના વર્તુળોએ જણાવ્યું હતું.સામાન્ય રીતે ગ્વાટેમાલામાં વર્ષે ૪૦,૦૦૦થી ૫૦,૦૦૦ ટન એલચી ઉત્પન્ન થતી હોય છે પરંતુ વર્તમાન વર્ષમાં ૧૭૦૦૦ ટન આસપાસ જ જોવા મળશે.ગયા વર્ષે દૂકાળની સ્થિતિને પરિણામે રિપ્લાન્ટિંગ થઈ નહીં શકતા આવતા વર્ષનું ઉત્પાદન ૨૨૦૦૦ ટન આસપાસ રહેવાનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે. દરમિયાન દેશમાં એલચીના ઓકશન સમયે ૩૦૦૦૦ ટન આસપાસ આવક થવાની ધારણાં છે. એલચીનો સરેરાશ ભાવ પ્રતિ કિલો રૂપિયા ૨૫૨૦ આસપાસ બોલાઈ રહ્યો છે. ગ્વાટેમાલામાં પાક નિષ્ફળ રહેતા એલચીના વૈશ્વિક સ્તરના માગ-પૂરવઠાના ગણિત બદલાઈ ગયા છે જેને પરિણામે ભારતને વિશ્વ બજારમાં પોતાની હાજરી વધારવાની તક મળી રહેશે એમ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

# ક્રિસમસ વેકેશનના કારણે ડિસેમ્બરમાં હોટેલ બુકિંગમાં ૩૦ ટકાનો વધારો



અમદાવાદ : આગામી નવા વર્ષ અને ક્રિસમસના લાંબા સપ્તાહને અનુલક્ષી હોટેલ બુકિંગની માંગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને, ગયા મહિનાની સરખામણીમાં હોટેલ ઓક્યુપન્સીમાં આશરે ૩૦ ટકાનો વધારો થયો છે, જે ગયા વર્ષના ડિસેમ્બરની સરખામણીમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો દર્શાવે છે. આ આંકડા રજાઓ માટે પ્રવાસીઓમાં મજબૂત રસ દર્શાવે છે.ટ્રાવેલ પ્લેટફોર્મના સુત્રોએ જણાવ્યું હતું કે, વિવિધ સ્થળોએ હોટેલ બુકિંગમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ગોવા પછી, ઊટી, વાયનાડ, જોધપુર, જેસલમેર, મણિપાલ, શ્રીનગર, શિમલા, મેકલિયોડગંજ, દેહરાદૂન, શિલોંગ અને પેલિંગ જેવા શહેરોમાં માંગ મજબૂત છે.આ સ્થળોએ દરિયાકિનારા, ટેકરીઓ, રણ અને સાંસ્કૃતિક આકર્ષણોના મિશ્રણને કારણે પ્રવાસીઓ આકર્ષિત થઈ રહ્યા છે. માંગમાં વધારો થવાને કારણે આ મહિને હોટેલ રૂમના દરમાં લગભગ ૧૧ ટકાનો વધારો થયો છે. ગોવામાં બુકિંગ મજબૂત રહ્યું છે. દરમિયાન, થોમસ કૂકના મતે, હવાઈ ભાડામાં ૧૦-૧૫ ટકાનો વધારો થયો હોવા છતાં, મલેશિયા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, સિંગાપોર અને વિયેતનામ જેવા ટૂંકા અંતરના સ્થળો હજુ પણ યાદીમાં ટોચ પર છે.ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન અને જ્યોર્જિયાના ભાડામાં ૫-૬ ટકાનો નજીવો વધારો જોવા મળી રહ્યો છે, જ્યારે લાંબા અંતરની આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે, સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ, જર્મની અને નોર્વે-ફિનલેન્ડ જેવા લોકપ્રિય સ્થળોના હવાઈ ભાડામાં ૧૫-૨૦ ટકાનો વધારો થયો છે.

# ચાંદી વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન એસેટ, માર્કેટ કેપ વધીને ૪.૦૪ ટ્રિલિયન ડોલર




અમદાવાદ : ચાંદીની ચળકાટે અનેકોની આંખો અંજાઈ દીધી છે. ચાંદીના ભાવમાં છેલ્લા એક જ વર્ષમાં ૧૫૦ ટકાથી વધુનો બમ્પર વધારો જોવા મળ્યો છે. ચાંદી દિવસે ને દિવસે નવા રેકોર્ડ બનાવી રહી છે. રોજબરોજ ભાવ નવા ઓલટાઈમ હાઈ સર કરી રહ્યાં છે. આ સાથે ચાંદીએ ક્રિસમસ ઈવનિંગે એક નવો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. ચાંદીએ વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન એસેટ ક્લાસનું બિરૃદ હાંસલ કર્યું છે.

૨૦૨૫ના અંતિમ તબક્કામાં સોના-ચાંદી-પ્લેટિનમના ભાવ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે અને રોકાણકારોને જબરદસ્ત વળતર આપી રહ્યા છે. કુલ વાર્ષિક વળતરની દ્રષ્ટિએ ચાંદીએ સોનાને પછાડયું છે, પરંતુ સોનું હજુ પણ મૂલ્યમાં ચાંદીથી આગળ છે. ચાંદીએ આ સપ્તાહની જ ૫ ટકાથી વધુની તેજી સાથે વેલ્યુએશનની દ્રષ્ટિએ આઈફોન નિર્માતા એપલ અને સર્ચ ગૂગલને પાછળ છોડી દીધા છે.

વૈશ્વિક વાયદા બજારમાં ચાંદીના ભાવ ૭૧ ડોલર પ્રતિ ઔંસને વટાવી ગયા છે. ચાંદી હવે વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન સંપત્તિ બની ગઈ છે. અગાઉ, એપલ ત્રીજા સ્થાને હતું. જોકે ચાંદીના ભાવમાં રેકોર્ડ ઉછાળાએ એપલને પાછળ છોડી દીધું છે. ચાંદીનું કુલ માર્કેટ કેપ ૪.૦૪ ટ્રિલિયન ડોલરને પાર પહોંચી ગયું છે અને એપલનું માર્કેટ કેપ ૪.૦૨ ટ્રિલિયન ડોલર છે.વિશ્વની સૌથી મૂલ્યવાન સંપત્તિઓમાં એક તો સોનું હાલમાં ચાંદીથી આગળ એટલેકે નંબર-૧ પર છે. સોનાની માર્કેટ કેપિટલ ૪૫૦૫ ડોલર પ્રતિ ઔંસના ભાવે ૧૫ ટ્રિલિયન ડોલર સાથે શિખરે છે જ્યારે બીજા ક્રમે ચિપ જાયન્ટ કંપની એનવીડિયા ૪.૫૭ ટ્રિલિયન ડોલર સાથે બીજા સ્થાને છે. ચાંદીનો રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ ૮૦ પર છે. ૭૦થી ઉપરનો આરએસઆઈ ઓવરબોટ માનવામાં આવે છે આર્થાત્ ટેક્નિકલ ઈન્ટિકેટર પર ચાંદી હાલમાં ઓવરબોટ ઝોનમાં છે.બજારના નિષ્ણાતોના મતે આગામી મહિનાઓમાં ચાંદીના ભાવમાં હજુ પણ વધુ વધારો જોવા મળી શકે છે. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં સતત ઘટાડો, ભૂ-રાજકીય તણાવમાં વધારો ચાંદીને વધુ આકર્ષક બનાવે છે. ૨૦૨૬ની શરૃઆતમાં ફરી ફેડ દ્વારા વ્યાજદર વધારો થઈ શકે છે.આ સિવાય ચાંદીના ભાવમાં વધારા પાછળનું એક મુખ્ય કારણ એ છે કે ચાંદીની ઔદ્યોગિક માંગ ઝડપથી વધી રહી છે પરંતુ સપ્લાય તેની સાથે મેળ ખાતો નથી. ભવિષ્યમાં માંગ વધુ વધશે, પરંતુ મર્યાદિત સપ્લાયને કારણે ભાવ ફરીથી આસમાને પહોંચી શકે છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લુણીવાવમાં ખેડૂતના ઘરે ગાયનું દોહન કરી ખેડૂતો સાથે કર્યો સંવાદ







રાજકોટ તા. ૨૬ ડિસેમ્બર - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજકોટ જિલ્લાના પ્રવાસ દરમિયાન ગોંડલ તાલુકાના લુણીવાવ ગામે સરકારી પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું.

ખેતી, ગાય અને ગ્રામ્ય સંસ્કૃતિનું મહત્વ સમજાવતા રાજ્યપાલશ્રી આજે વહેલી સવારે ગામના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત શ્રી પંકજભાઈ મારકણાના ખેતર પર પહોંચ્યા હતા. અહીં તેમણે બળદ ગાડું ચલાવ્યું હતું. બાદમાં ખેતરમાં જાતે જ મકાઈની કાપણી કરીને ગાય માટે ચારો તૈયાર કર્યો હતો. પછી ગાયને ચારો આપીને દોહન કર્યું હતું. તેમણે પંકજભાઈના ખેતરની મુલાકાત લઈને પ્રાકૃતિક પદ્ધતિથી ઊગેલા ચણા, વટાણા સહિતના પાકનું નિરીક્ષણ કર્યું હતું. આ પાકમાં ફૂલ તેમજ ચણાના ફળ ખૂબ સારા જોવા મળ્યા અને તમામ પાક કીટક અને બીમારીમુક્ત જોવામાં આવ્યો હતો.

ખેડૂત શ્રી પંકજભાઈ મારકણાની દીકરી એન.સી.સી.માં હોવાનું જાણીને રાજ્યપાલશ્રીએ આનંદ વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમણે કહ્યું હતું કે, અભ્યાસ પણ જરૂરી છે અને કૃષિ કાર્ય પણ જરૂરી છે.

આ સમયે આસપાસના ખેડૂતો રાજ્યપાલશ્રીને મળવા પહોંચ્યા હતા. આ તકે રાજ્યપાલશ્રીએ તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. જીવામૃત, ઘન જીવામૃત કેમ બનાવાય તેની સરળ અને ઊંડાણપૂર્વકની માહિતી સાથે તેના અગણિત ફાયદા જાણીને ખેડૂતો પ્રેરિત થયા હતા.રાજ્યપાલશ્રીએ ખેડૂતોને કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી જમીન એટલી ફળદ્રુપ અને શક્તિશાળી બને છે કે તેમાં બીમારીઓ આવતી નથી. તેમણે ખેડૂતોને ખાસ આગ્રહ કર્યો હતો કે, આ પ્રાકૃતિક ખેતર જોઈને પ્રેરણા લો અને રાસાયણિક ખાતર છોડો. તેમણે કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી અપનાવો અને જમીનને સોના જેવી ઉપજાઉ બનાવો.રાજ્યપાલશ્રીની વાત સાંભળીને ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ તરફ વળવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આમ અહીંનું ખેતર આજે ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિની જીવંત પાઠશાળા બની ગયું હતું.બાદમાં રાજ્યપાલશ્રીએ કપાસના એક ખેતરમાં કપાસ વીણવાનું કામ ચાલતું જોઈ ખેતરની મુલાકાત લીધી હતી. અહીં તેમણે ખેડૂતોની સાથે ખભેખભો મિલાવીને જાતે કપાસના કાલા વીણ્યા હતા

# આર્મીના જવાનો ઈન્સ્ટાગ્રામ યૂઝ કરી શકશે પણ પોસ્ટ નહીં કરી શકે, ભારતીય સૈન્યએ નિયમ બદલ્યાં

ભારતીય સેનાએ બદલાતા સમય અને ટેકનોલોજીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેની સોશિયલ મીડિયા પોલિસીમાં મોટો ફેરફાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે સૈનિકો અને અધિકારીઓને ઈન્સ્ટાગ્રામ જોવાની અને મોનિટર કરવાની છૂટ આપવામાં આવી છે. જોકે, તેઓ કોઈપણ પોસ્ટ પર લાઈક, શેર કે કોમેન્ટ કરી શકશે નહીં.ભારતીય સેનાના તમામ યુનિટો અને વિભાગો માટે જાહેર કરાયેલી નવી માર્ગદર્શિકા મુજબ, સોશિયલ મીડિયાના ઉપયોગ અંગેના નિયમોમાં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. હવે સૈનિકોને જાગૃતિ અને માહિતી મેળવવાના હેતુથી સોશિયલ મીડિયા કન્ટેન્ટ માત્ર જોવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ સુરક્ષાના કારણોસર કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપવા પર પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે એટલે કે સૈનિકો કોઈપણ પોસ્ટ પર લાઈક, શેર કે કોમેન્ટ કરી શકશે નહીં.

આ ઉપરાંત, સેનાએ ફેક ન્યૂઝ સામે લાલ આંખ કરી છે, જો કોઈ સૈનિકને સોશિયલ મીડિયા પર ગેરમાર્ગે દોરતી કે ખોટી માહિતી જણાય, તો તેણે તાત્કાલિક વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવાની રહેશે જેથી રાષ્ટ્રીય સુરક્ષા અને માહિતીની ચોકસાઈ જળવાઈ રહે.તાજેતરમાં ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ 'ચાણક્ય ડિફેન્સ ડાયલોગ' દરમિયાન સૈનિકો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન તેમને પૂછવામાં આવ્યું હતું કે, આજની 'જનરેશન-ઢ'ના યુવાનો સેનામાં જોડાવા માંગે છે, પરંતુ સેનાના શિસ્ત અને સોશિયલ મીડિયા વચ્ચે એક વિરોધાભાસ દેખાય છે. આના જવાબમાં જનરલ



દ્વિવેદીએ કહ્યું કે, 'આ ખરેખર એક મોટો પડકાર છે. જ્યારે યુવાન કેડેટ્સ દ્ઢદ્ઢછમાં આવે છે, ત્યારે તેઓ સૌથી પહેલા પોતાના રૂમમાં છુપાવેલા ફોન શોધે છે. તેમને એ સમજાવતા ત્રણથી છ મહિના લાગી જાય છે કે ફોન વગર પણ જિંદગી છે.'

જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે આજના યુગમાં સ્માર્ટફોન એક અનિવાર્ય જરૂરિયાત બની ગયો છે. તેમણે આગળ કહ્યું કે, 'હું સૈનિકોને સ્માર્ટફોન વાપરવાની ક્યારેય ના નથી પાડતો. આપણે મોટાભાગે ફિલ્ડમાં હોઈએ છીએ. બાળકની સ્કૂલ ફી ભરવાની હોય, માતા-પિતાની તબિયત જાણવાની હોય કે પત્ની સાથે વાત કરવાની હોય, આ બધું ફોન દ્વારા જ શક્ય બને છે.'સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપવા બાબતે આર્મી ચીફે જણાવ્યું કે, 'રિએક્ટ કરવું'(તરત જવાબ આપવો) અને 'રિસ્પોન્ડ કરવું' (વિચારીને જવાબ આપવો) એ બંને અલગ વાતો છે. તેમણે સમજાવ્યું કે, 'રિએક્ટ કરવું એટલે વગર વિચારે તરત જવાબ આપી દેવો, જ્યારે રિસ્પોન્ડ કરવું એટલે ગંભીરતાથી વિચારીને જવાબ આપવો. અમે નથી ઈચ્છતા કે અમારા સૈનિકો ઉતાવળમાં કોઈ પણ વિવાદ કે ચર્ચામાં ફસાય. તેથી જ તેમને 'ઠ' જેવા પ્લેટફોર્મ પર માત્ર કોન્ટેન્ટ જોવાની મંજૂરી આપવામાં આવી છે, જવાબ આપવાની નહીં."ભૂતકાળમાં 'હની ટ્રેપ' (વિદેશી એજન્સીઓ દ્વારા સૈનિકોને ફસાવવા) અને સંવેદનશીલ માહિતી લીક થવાના કિસ્સાઓને કારણે ૨૦૨૦માં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સહિત ૮૯ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, હવે સેના સત્તાવાર રીતે ફેસબુક, યુટ્યુબ, ઠ, લિંક્ડઈન અને વોટ્સએપ જેવી એપ્સનો મર્યાદિત અને સુરક્ષિત ઉપયોગ કરવાની મંજૂરી આપી રહી છે.વર્ષ ૨૦૧૭માં તત્કાલીન સંરક્ષણ રાજ્ય મંત્રી સુભાષ ભામરેએ સંસદમાં જણાવ્યું હતું કે, માહિતીની સુરક્ષા જાળવવા અને તેનો દુરુપયોગ રોકવા માટે આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

# મહારાષ્ટ્રમાં ખેડૂત પરિવારના ૪ લોકો મૃત હાલતમાં મળ્યા, સામૂહિક આત્મહત્યાની આશંકા

મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં ગુરુવારે સવારે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં એક ખેડૂત પરિવારે સામુહિક આત્મહત્યા કરી હોવાની આશંકા છે. બે અલગ-અલગ સ્થળોએથી પતિ-પત્ની અને તેમના બે યુવાન પુત્રોના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ગુરુવારે સવારે લગભગ ૮ વાગ્યે મુદખેડ તાલુકાના જવાલા મુરાર ગામમાં રમેશ સોનાજી લખે (૫૧) અને તેમના પત્ની રાધાબાઈ લખે (૪૫)ના મૃતદેહ તેમના ઘરમાંથી મળી આવ્યા હતા. બંનેના મૃતદેહ ખાટલા પર પડ્યા હતા.આ ઘટનાની તપાસ ચાલી રહી હતી ત્યાં જ, તેમના બે પુત્રો ઉમેશ (૨૫) અને બજરંગ (૨૩)ના મૃતદેહો ઘરની નજીક આવેલા રેલવે ટ્રેક પરથી મળી આવ્યા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ એવું જણાઈ રહ્યું છે કે બંને ભાઈઓએ ચાલતી ટ્રેન સામે ઝંપલાવીને જીવન ટૂંકાવ્યું હતું.પોલીસ નિરીક્ષક દત્તાત્રેય મંથલેએ જણાવ્યું કે, ×માતા-પિતાના મૃતદેહ ઘરની અંદરથી મળી આવ્યા હતા, જ્યારે પુત્રોએ રેલવે ટ્રેક પર આત્મહત્યા કરી હતી. અમે પુરાવા એકત્ર કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (હ્લજીન)ની ટીમને બોલાવી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 182**
વિષયઃ સર્જકની મનગમતી રચના
શીર્ષકઃ મરણની આડમાં
પ્રકારઃ પદ્ય શબ્દોઃ ૬૮

મૃગજળે દરિયા છુપાવ્યા લાખ, રણની આડમાં.
રેતમાં શોધો, સુનામી છે ઝરણની આડમાં.

જીંદગી ઓછી પડે છે એક પળને ભૂલવા,
મન સદા સ્મરતું રહે છે વિસ્મરણની આડમાં.

શક ઉપર ભારી પડે છે, એક ક્ષણ પણ પ્રેમની,
યુગથી વિશ્વાસ ઉભો છે, એ ક્ષણની આડમાં.

યુધ્ધનાં મેદાનમાં હાર્યો હતો, મરતો નથી,
છે હજી જીવંત એ રાવણ, હરણની આડમાં.

એકને મારે, જનમ લેતી રહે સો એષણા,
જીંદગી થાકી,જઈ સૂતી મરણની આડમાં.

ઈશ્વરી ડૉક્ટર "ઈશ" ( અમદાવાદ)

★★★★★★★

**NOG SS No 387**
વિષયઃ સર્જક ની મનગમતી રચના
શિર્ષકઃ ગમતાં નો કરીએ ગુલાલ
પ્રકાર ગદ્ય, શબ્દોઃ ૨૯૩

મારી મનગમતી રચના ની શરૂઆત મારી માતૃભૂમિ ના ચરણો માં સાદર પ્રણામ સાથે શરુ કરું છું.
૧) જાપાન સે લેકર રશિયા,
ઑસ્ટ્રેલિયા સે લેકર અમેરિકા...પણ સ્વર્ગ થી અદકેરી મારી ભારતભૂમિ માં જન્મી ને, રહીને હું ગમતાં નો ગુલાલ કરું છું.
૨) દુનિયામાં અગણિત દંપતી ઓ હતા, તેમાંથી તેઓ દ્વારા મારી પસંદગી થઈ તેમના થકી આ રંગીન દુનિયા હું જોઈ શકી,માણી શકી તેવાં મારા માતાપિતા ની પૂજનીય યાદ માં ગમતાં નો ગુલાલ કરવાનું હું કેમ ચુકી જાવ!
૩)મારા પરિવાર જનો કે જે કોઈ રુણાનુબંધે બધા ભેગા થયા હોઈશું.તેને ઈશ્વર નો પ્રસાદ માની ગમતાં નો ગુલાલ કરવામાં જરાય પાછળ નથી રહી,પણ "લગે રહો" ની જેમ જ આજે પણ છું જ.
૪)મારા મિત્રો કે જેમણે મને જીવન નાં વિવિધ વળાંકોએ અનેક પ્રકારના પાઠ શીખવી મારું ઘડતર કર્યું.ત્યા પણ ગમતાં નો ગુલાલ માં મસ્તી કરી ને જીવનને વહેતું રાખતી ગઈ.
૫)મારા અધુરાં ઓરતા એટલે કે મારા વૈવિધ્ય પૂર્ણ સકારાત્મક શોખ! એમાં પણ સેકંડ ઈનિંગ્સ માં " મારાં ઓરતા નાં ગાલ પર કાળો ટીકો" ની જેમ ગમતાં નો ગુલાલ કરતાં કરતાં જીવન શણગારતી ગઈ.
૬)મારી મૂડી નું વ્યાજ, મારી★મોક્ષા★અને મારો ★અમય સત્ય, પ્રેમ અને કરુણા સભર ઉન્નત અને ઉચ્ચતર જીવન જીવી ઉમદા વ્યકિતત્વ વાળા બને તે વિશે નો મારો ગમતાં નો ગુલાલ વાળો નિરંતર પ્રયાસ ચાલુ જ છે. આજ તો મારા જીવનની બહાલી છે. અમી રસ છે.
૭)મારા જીવનમાં જે તે વ્યકિત ઓ એ મને જે તે શીખ આપી તે સૌ થકી હું મારું અનમોલ ભેટ સમુ આયખું અજવાળી સમૃદ્ધ બની નિજાનંદ માં રહું છું
ઉપરોકત સાતેય સૂરો સાથે- "ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ ગમતાં નો કરીએ ગુલાલ" મેં આજીવન આ જ કાર્ય કરીને મારુ જીવન મઠાર્યું છે.પૂ.શ્રી મકરંદ દવે સાહેબ ને સાદર પ્રણામ કરું છું.
પુનિતા બેન -અમદાવાદ.

★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'સર્જકની મનગમતી રચના'
શીર્ષક :- 'અમારો કલરવ'
પ્રકાર :-પદ્ય,શબ્દો : ૧૧૦

ભાઈ ! અમારો કલરવ , ચીં, ચીં, ઘુ, ઘુ, કા, કા, કા,

પરિતાના તમે મિત બનીને, ફૂલોના ગીતો ગા, ગા, ગા.
વનરાઈમાં વેલી લહેરાઈ, મેઘ-ધરાને, વાહ, વાહ, વાહ.

ભમરાના ગુંજનમાં બોલે, રે, રે, રે, રે, સા, સા, સા,
પર્વત પરથી વહેતું ઝરણું, સારેગમનું, પા, પા, પા, પા.

સમુંદરની ઘુઘવાતી લહેરો, સા, રે, સા, રે, ગા, ગા, મ.
આ જોને, આંબા ડાળે કાયલ ટહુંકે, કેરવામાં કુ, કુ, કુ.

આ પવન જેવી પાંખો આપી, મસ્ત બની ને ઉડવાનું,
આ જોને, પાંખ વિનાના માનવ ઉડે, હુંકારમાં હું, હું, હું.

સત્યની સરગમ 'સ્વજન' વગાડે, બોલે મીઠા મીઠા ગાન,
સૂરમાં ગાઓ, સૂરમાં રેજો, સૂરની સાધના પરમેશ્વરની.
(કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા "સ્વજન' (જૂનગઢ)

★★★★★★★

**NOG SSN. 0089**
વિષય મનગમતી રચના
શીર્ષક : એકલો જાને રે
પ્રકારઃ ગદ્ય
"તારી જો હાક સુણી કોઈ ના આવે તો તું એકલો જાને રે"

રવીન્દ્રનાથ ટાગોરનું આ કાવ્ય કેટલો સુંદર સંદેશ આપે છે. તેના શબ્દે શબ્દમાંથી જાણે જીવનની વીણાનો સૂર સંભળાય છે. બધિર કાન પણ આ સંદેશને ઝીલી જીવન પ્રેરણાત્મક જીવી શકે ! જીવનનું સંગીત માણવું હોય તો એકલા જીવો. અરે ભલેને સંયુક્ત કુટુંબમાં રહેતા હોઈએ કે પતિ અને પત્ની બે જણા જીવતા હોય. જીવનમાં સાથ અને સહયોગ અતિ મહત્વના છે. ક્યારે ? જ્યારે બે જણા વચ્ચે સુયોગ હોય. દુનિયાની નજરે તમે સુખી હો પણ અંતરની આરસીના શબ્દો તમે જ ઉકેલી શકો .

દરેક સંબંધને એક સીમા હોય છે. આવ્યા એકલા જવાના એકલા. પોતાની જાત સાથે જીવતા શીખવું એ બહુ અગત્યનું છે. એ કળાને પ્રાપ્ત કરતા ઘણીવાર આખી જિંદગી હાથતાળી દઈ જાય છે. જેના કારણે તમને કદી ખોટા, નિરાશા જનક વિચારો નહીં સતાવે.

એમાં અસત્યનું આચરણ અસંભવ ! જાત સાથે છેતરપિંડી કરશો નહીં. અરે, થશે પણ નહીં ! તમે આસ્તિક હોય નાસ્તિક ,કોઈ ફરક નહી પડે ! તમે યુવાન, બાળક કે બુઢા હો, જાત સાથે આંખ મિચોલી અશક્ય ! અંતરનો અવાજ દબાશે પણ નહી અને સાંભળ્યું ન સાંભળ્યું થશે પણ નહીં ! તમને પળવાર પણ ચેન નહી પડે.

તમે એકલા હોવા છતાં પણ ક્યારેય એકલા હોતા નથી ! કેવું વિચિત્ર લાગે છે ને ? પણ તે સત્ય છે. ચાલો એક પ્રયત્ન કરીએ. તમે મોટા રિલાયન્સના સ્ટોરમાં ગયા છો. જ્યાં તમને ચાની ગરણી ગમી ગઈ ! ભાવ જોયો ૪૦૦ રૂપિયા. બાપરે . આજુબાજુ જોયું કોઈની નજર ક્યાં હતી ? અરે, નજર તો શું કોઈ વ્યક્તિ પણ ત્યાં હાજર ન હતી. ધીમેથી તમે સરકાવી દીધી, પર્સમાં. દિલ ધડક ધડક થતું હતું.

કેમ ?

તમને ખાતરી હતી કોઈએ જોયું નથી. છતાં પણ તમારા મુખ પર ગભરાટની વાદળી રમી રહી હતી. દુકાનની બહાર નિકળતા પહેલા એ વસ્તુ તમે ગમે ત્યાં મૂકી દેશો. તમારા અંતરાત્મા તમારો મિત્ર છે. તમને ખોટું કામ કરતા રોકશે. તમારી સાથેની મૈત્રી તમે પ્રગતિના સોપાન સર કરવા શક્તિમાન બનશે. તમને કદી એકલતા સતાવે નહી.

એકલા જવામાં ભયનું નામોનિશાન નહીં જણાય. તમને કોઈ દગો આપી શકે જ નહીં ! બાકી દુનિયાના સંબંધો વિશે ન પૂછો તો જ સારું. કરેલા ઉપકાર, આભાર માનવો તો બાજુ એ રહ્યો. તમને દુશ્મન ગણતા પલ ભરનો વિચાર પણ નહીં કરે !

એકલા જવાની મોજ માણો. સાથી સંગે હોય તો જરા પણ વાંધો નથી. સાથ તો સુહાનો રહેવાનો. તેના પર બોજ નહી બનવું. સ્વમાં રાચતા શીખવાનું. કાલ કોણે દીઠી છે ?

એકલતામાં તું સાથ નિભાવ

તારી હસ્તીનો પરિચય કરાવ

એકલતામાં તું સાથ બિભાવ
પ્રવિણા અવિનાશ

★★★★★★★

**NOG SS NO - 378**
વિષય : સર્જક ને ગમતી રચના
શીર્ષક : ખ્વાબ મળે
પ્રકાર -પદ્ય -ગઝલ - શબ્દો : ૫૦

આંખને ગમતું એક ખ્વાબ મળે,
તો જ આ પ્રીતને રુઆબ મળે.
આપનું રૂપ ખીલતું જ રહે,
એમ લખલૂંટથી શબાબ મળે.

પ્રીતમાં ભાન ભૂલી જાય છે સૌ,
તો'ય ક્યાં પ્રેમનો હિસાબ મળે.

બાગમાં છે વસંત એટલી કે,
ફૂલદાનીમાં પણ ગુલાબ મળે.

જામ છલકે નજરથી આપની પણ,
આંખને આજ એવું આબ મળે.

રમેશ શર્મા 'વ્યોમ'
અમદાવાદ

★★★★★★★

**NOG SS No.343**
વિષય ;- સર્જકની મનગમતી રચના
શીર્ષક :- જોયાં છે.
પ્રકાર :- પધ શબ્દો :- ૮૦

કુદરતનાં ખોળે ખીલતાં ફૂલ ઝાડોને મીઠપથી મહેકતા જોયાં છે,
વાવાઝોડાંમાં લીલી વન વનરાઈને ઉજ્જળતાં જોયાં છે ,
બાગબગીચામાં પક્ષીઓને ચહકતાં જોયા છે,
માનવ પશુપક્ષીઓને ખાન પાન ચણ માટે તડપતાં જોયા છે,
સ્નેહનાં સરોવરને અમૃત નીરથી છલોછલ છલકાતાં જોયાં છે,
વર્ષાનાં એક બુંદ પાણી માટે જીવોને તરસતાં જોયાં છે
છલોછલ હેત પ્રેમ લાગણીનાં બંધનથી બંધાતા જોયા છે,
લાલચ સ્વાર્થ પ્રપંચથી સ્નેહાળ સબંધને તૂટતાં જોયાં છે.
' ચંદ્ર ' સૂર્ય અંધકારને દૂર કરી પર્યાય બની પ્રકાશને પ્રગટાવતાં જોયાં છે.

ચંદ્રકાન્ત હરીલાલ માઢક ' ચંદ્ર ' (રાજકોટ)

★★★★★★★

**NOG SS No.: 177**
વિષયઃ મનપસંદ રચના
શીર્ષકઃ સહેલું નથી
પ્રકારઃ પદ્ય. શબ્દો : ૫૬

તને ભૂલી જવું
આભાર - નિહારીકા રવિયા એટલું સહેલું નથી,
તારા વિના જીવું, એટલું સહેલું નથી.

થશે મુલાકાત સ્વપ્નમાં ખાત્રી નથી,
ખુલ્લી આંખે સુવું એટલું સહેલું નથી.

ભર્યો શ્રાવણ ભાદરવો હૈયે અપાર,
કમોસમી વરસવું એટલું સહેલું નથી.

શ્વાસે શ્વાસે સતાવે છે યાદ તારી,
ફરિયાદમાં કહેવું એટલું સહેલું નથી

છે ઈન્તઝાર હવે તો મૃત્યુનો "રાધા",
રોજ મરીને જીવવું એટલું સહેલું નથી.

લેખક : નેહા મયુર "રાધા"
અમદાવાદ

# પોલીસના નાના કર્મચારીઓનું મનોબળ તૂટશે તો જનસુરક્ષા તૂટશે

( શ્રેષ્ઠ સુરક્ષા વ્યવસ્થા માટે સમાજ શ્રેષ્ઠીઓ, નિવૃત પોલીસ અધિકારીઓ અને પોલીસ ખાતાના ઉચ્ચ અધિકારીનું વિશ્લેનાત્મક મનોમંથન )

બે દિવસ પહેલા અમદાવાદના અંજલી ટ્રાફિક સર્કલ પર બનેલી ઘટના માત્ર એક વ્યક્તિની નથી, પરંતુ આખી વ્યવસ્થાને અરીસો બતાવતી ઘટના છે. આ ઘટના સમાજ, સરકાર અને પોલીસ તંત્ર માટે ગંભીર વિચાર અને આત્મમંથનની માંગ કરે છે.

ટ્રાફિકના જમાદાર શ્રી જયંતીભાઈ ફરજ પર હતા. ફરજના ભાગરૂપે તેમણે એક મહિલાને રોકી હતી. આ સમયે તે મહિલાએ જાહેરમાં જમાદારશ્રીનું અપમાન કર્યું, તેમજ તેમને મા-બેન વિષે નિર્લજ્જ ગાળો આપી. આ માત્ર એક પોલીસ કર્મચારીનું અપમાન નહોતું, પરંતુ શહેરના જાહેર સ્થળે સરકારના જનસુરક્ષા વિભાગની ખાખી યુનિફોર્મની ખુલ્લેઆમ બેઈજ્જતી હતી. માનવીય સહનશક્તિની પણ કોઈ સીમા હોય છે. સતત અપમાન સહન ન થતાં જમાદાર જયંતીભાઈએ ક્ષણિક રીતે રિએક્ટ કર્યું જેના પરિણામે તેમને ફરજ પરથી મોકૂફ (જેજૌહદ્વીદ્ધં) કરવામાં આવ્યા.

અહીં સ્પષ્ટ કરવું જરૂરી છે કે આ લખાણ કોઈ પણ રીતે જમાદારની ફરજ મોકૂફી શિક્ષાની ટીકા કરવા માટે નથી, ન તો કોઈ ખાતાકીય પ્રક્રિયામાં દખલગીરી કરવાનો હેતુ છે. શક્ય છે કે ખાતાકીય પ્રક્રિયાના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હોય; એ બાબત આ ચર્ચાનો કોઈ વિષય નથી. પરંતુ આ ઘટના અને આવી જ પ્રકારની ભૂતકાળની અન્ય ઘટનાઓ માત્ર સમાચાર બનીને રહી જવા જેવી નથી, પરંતુ તે સમાજની સુરક્ષા માટે માટે ગંભીર વિશ્લેષણ, આત્મમંથન અને સુધારાની માંગ કરે છે.આ પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉભો થાય છે કે જનસુરક્ષાનો ભાર આખરે કોના ખભે છે? સરકારના અતિમહત્વના જનસુરક્ષા ખાતામાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એસઆઈ કક્ષાના કર્મચારીઓ કે જે માત્ર હજારોના પગારમાં દિવસ-રાત, ટાઢ , તડકા-વરસાદમાં, તહેવાર, પરિવાર અને આરામ ભૂલીને સમાજની સુરક્ષા માટે મેદાનમાં અડીખમ ઊભા રહે છે. તેઓ પોતાની વ્યક્તિગત સુખસગવડો ત્યજીને સમાજની શાંતિ અને સલામતી માટે ફરજ બજાવે છે.પરંતુ આજે સ્થિતિ એવી બની ગઈ છે કે લોકો પોતે દોષિત હોવા છતાં પોલીસ કર્મચારીઓનું જાહેરમાં અપમાન કરે છે, ખાખી વર્દીની નીલામી કરે છે, જાહેરમાં મા-બેનની ગાળો આપે છે અને ક્યારેક હુમલા પણ કરે છે. શિસ્તના નામે ઘણી વખત ખાતું લાચાર બની રહે છે. જો કોઈ પોલીસ કર્મચારીને રોજેરોજ આ બધું સહન કરવું પડે, તો તેનું મનોબળ તૂટવું સ્વાભાવિક છે. અને જ્યારે પોલીસનું મનોબળ તૂટે છે, ત્યારે તેની સીધી અને ગંભીર અસર જનસુરક્ષા પર પડે છે.

આવા સંજોગોમાં પોલીસ ખાતાના ઉચ્ચ અધિકારીઓની નૈતિક ફરજ બને છે કે તેઓ નાના હોદ્દાના કર્મચારીઓના પડખે અડીખમ ઊભા રહે. કોઈપણ ભોગે તેમના મનોમનને બચાવવું જરૂરી છે. જાહેરમાં તેમના માટે પ્રોટેક્શનની ભાવના ઊભી કરવી અને દરેક પરિસ્થિતિમાં તેમના માટે ઢાલ બની ઊભા રહેવું જરૂરી છે. કારણ કે જે કર્મચારીને પોતાનું ખાતું બચાવતું નથી, તે કર્મચારી મેદાનમાં નિર્ભય બની કામ કરી શકતો નથી.

અહીં એક કડવો પરંતુ વાસ્તવિક પ્રશ્ન ઊભો થાય છે—કાયદો જમીન પર કેવી રીતે ચાલે છે? જો કોઈ ટોળું અથવા વ્યકિત દોષિત હોવા છતાં પોલીસ તેની સામે કાર્યવાહી કરે ત્યારે પોલીસને ગાળો આપે, પોલીસ પર પથ્થરમારો કરે અથવા પોલીસ પર હુમલો કરે, તો શું એવી સ્થિતિમાં પોલીસ કર્મચારીએ બે હાથ જોડીને નમસ્તે કરવી? ફક્ત કાયદાની કલમો વાંચતા રહેવું? કે વિનંતી કરવી કે "મહેરબાની કરીને હુમલો ન કરો"? શું શિસ્તના ભયથી પોલીસ કર્મચારીએ મૂંગા રહીને બધું સાંભળી લેવું, માર પણ સહન કરી લેવું અને અંતે માત્ર ફરિયાદી બનીને સંતોષ માનવો?

હકીકત સૌ જાણે છે કે આવું કરવાથી હુમલો બંધ થતો નથી. ઉલ્ટું, ગુનેગાર વધુ ઉશ્કેરાય છે અને પોલીસને નબળી સમજીને વધુ નુકસાન કરે છે. પોલીસ ની અતિશય નમ્રતા અને વિવેક તથા શિસ્ત ને ત્યાં નબળાઈ સમજવામાં છે.

આથી "એક્ટ સામે રિએક્ટ" માત્ર વ્યવહારિક જરૂરિયાત જ નહીં, પરંતુ કાયદાની પણ આવશ્યકતા છે. જ્યારે કોઈ વ્યક્તિ એક્ટ કરે છે, ત્યારે તેની સામે યોગ્ય, કાયદેસર અને સંયમિત રિએક્ટ કરવું જરૂરી બને છે. હુમલો કરનાર સામે હાથ જોડવાથી હુમલો અટકતો નથી અને ગાળો આપનાર સામે અતિનમ્રતા તેને વધુ ઉશ્કેરે છે. જો પોલીસ કર્મચારી કાયદાની હદમાં રહી યોગ્ય રિએક્ટ કરે, તો ખાતાએ અને ઉચ્ચ અધિકારીઓએ એ કર્મચારીનો બચાવ કરવો જ જોઈએ.

આ સમગ્ર પરિસ્થિતિમાં સમાજ, નિવૃત્ત અધિકારીઓ અને પ્રશાસનની સંયુક્ત જવાબદારી ઊભી થાય છે. આજના સમયમાં જરૂરી છે કે સમાજના શ્રેષ્ઠીઓ, નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓ અને જવાબદાર નાગરિકો સૌ સાથે મળી જનસુરક્ષા વિભાગને મજબૂત બનાવવા માટે, જનસુખાકારી માટે સરકાર અને પોલીસ ખાતાના ઉચ્ચ સત્તાધીશો સમક્ષ વિનમ્ર પરંતુ દૃઢ રજૂઆત કરે અને પોલીસ ખાતાના નાના હોદ્દાના કર્મચારીઓનું મનોબળ બચાવે. સાથે-સાથે સ્પષ્ટ માગ કરવામાં આવે કે રોડ, ગામડા, ગલીઓ અને અંતરિયાળ વિસ્તારોમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ પર થતા હુમલા, અપમાન અને ગાળાગાળી રોકવા માટે કડક અને સ્પષ્ટ વ્યવસ્થા કરવામાં આવે.હવે સમય પાકી ગયો છે. હવે માત્ર ચર્ચા નહીં, પરંતુ મનોમંથન અને કાર્યવાહીનો સમય છે. કારણ કે જો પોલીસનું મનોબળ તૂટશે, તો સમાજ સુરક્ષિત નહીં રહે. આવો, આપણે સૌ મળીને પોલીસના નૈતિક જુસ્સાને બચાવીએ, પોલીસના મનોબળને મજબૂત કરીએ અને જનસુરક્ષાને સાચા અર્થમાં બચાવીએ.

**MSG From P R Desai Rtd Dysp surat .** જય ભારત જય જવાન.

# સરકારી વિનયન કોલજ, અમીરગઢમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા‘વીર બાલ દિવસ’ની રંગારંગ ઉજવણી કરવામાં આવી




તા.૨૬/૧૨/૨૦૨૫

આજ રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી ને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના એન.એસ.એસ. વિભાગના પરિપત્ર અનુસાર એન.એસ.એસ. યુનિટ દ્વારા શીખ ધર્મના દસમા ગુરુ ગુરુગોવિંદસિંહજીના પ્રકાશપર્વ નિમિત્તે ‘વીર બાલ દિવસ’ની રંગારંગ ઉજવણી કરવામાં આવી. જેમાં ગુરુ ગોવિંદસિંહજીના સાહિબજાદા બાબા જોરાવરસિંહ અને બાબા ફતેહસિંહની શહાદતની સ્મૃતિમાં એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મહેશ પ્રજાપતિ દ્વારા શીખ ધર્મના દસમા ગુરુ ગોવિંદસિંહ તેમજ એમણે મોગલ શાસકો તથા અન્ય પહાડી રાજાઓના આક્રમણ સામે દાખવેલા શૌર્ય, સાહસ, વીરતા, ત્યાગ, બલિદાન વિશે તથા એમના પુત્રોએ ભયના બદલે ધર્મને, અત્યાચારના બદલે સત્યને અને સ્વાર્થના બદલે બલિદાનને પસંદ કર્યું એના વિશે તથા એમના બાલ પુત્રોની નીડરતા તેમજ ધર્મ સાથે સમજૂતી કરવાને બદલે એમણે દાખવેલી શૂરવીરતા અંગે મનનીય અને માહિતીસભર વ્યાખ્યાન રજૂ કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓને ગુરુ ગોવિંદસિંહજીના જીવનકાર્યો અને એમણે કરેલા સંઘર્ષમય પડકારો અને એમની વીરતાને પ્રતિબિંબિત કરતી ડોક્યુમેન્ટ્રી ફિલ્મનું નિદર્શન પણ કરાવવામાં આવ્યું હતું. અંતે એમને વીરોચિત શ્રદ્ધાંજલી અને શબ્દાંજલી સમર્પિત કરી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના તમામ સ્ટાફમિત્રોનો સારો સહકાર પણ સાંપડ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં કુલ ૪૫ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મહેશ પ્રજાપતિ તથા સ્ટાફમિત્રોના સહકાર થકી આચાર્યશ્રી ડૉ. એન. કે. સોનારાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# બોટાદ જિલ્લા પતંજલિ યોગ સમિતિ દ્વારા ઈન્ટીગ્રેટેડ યોગ શિબિર ૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ

બોટાદમાં પરમ પૂજ્ય યોગ ઋષિ શ્રદ્ધેય સ્વામી રામદેવજી મહારાજ તથા પરમ પૂજ્ય આચાર્ય બાલકૃષ્ણજી મહારાજના પરમ શિષ્યા પૂજ્ય સાધ્વી દેવાદીતીજીના માર્ગદર્શન હેઠળ બીએપીએસ સંસ્કારધામ, પાળીયાદ રોડ, બોટાદ ખાતે,ત્રણ દિવસની ઈન્ટીગ્રેટેડ યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ.જેમાં બોટાદના સ્વાસ્થ્ય પ્રેમી લોકોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો અને આજીવન યોગ કરવા માટેનો સંકલ્પ લીધો હતો.જેમાં શિબિરને સફળ બનાવવા માટે રાજ્યના મહિલા પ્રભારી તનુજાબેન આર્ય તથા રાજયના જનરલ પ્રભારી વિનોદભાઈ શર્મા,સંધ્યાબેન શર્મા,પ્રાકૃતિક ખેતીના હિમાયતી બાબુભાઈ કળથિયા,વંદનાબેન ગાબાણી,નીલકંઠ યોગ કેન્દ્ર સંચાલક વિરેન્દ્રસિંહ ભાટી, બોટાદ જિલ્લા પ્રભારી




મયુરધ્વજસિંહ ભાટી,તાલુકા પ્રભારી ડો.રોહિતભાઈ લાણીયા,મહિલા પ્રભારી ડો.કાજલબેન લાણીયા, આયુર્વેદિક ડો.રાજેશભાઈ મેર, ડો.આર.વી. લકુમ,હસુભાઈ ભાવસાર, હિંમતભાઈ અનઘણ, જેઠાભાઈ ગોધાણી,પત્રકાર શ્રી કનુભાઈ ખાચર, ઈલાબેન ભામાણી, બાબુભાઈ શુલિયા, મનુભાઈ બોરીચા, મનીષાભાઈ હરીપરા,સંજયભાઈ તેજાણી, રાજુભાઈ હરિપરા,તુષારભાઈ ઢોલા વગેરે નામી અનામી વ્યક્તિઓએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

આ શિબિર દરમ્યાન આયુર્વેદિક ઉકાળાનું પણ દરરોજ રસપાન કરાવવામાં આવ્યું હતું.

શિબિરના અંતિમ દિવસે પૂજ્ય સાધ્વી દેવાદીતીજી,વિનોદભાઈ શર્મા અને તનુજાબેન આર્યનું શાલ અને ફુલહાર તથા ગુલદસ્તા સાથે વિશેષ સન્માન, પતંજલી સમિતિ દ્વારા કરવામાં આવેલ.

# બનાસકાંઠા ઓદિચ્ય સહસ્ર સિદ્ધપુરા બ્રહ્મ સમાજ જિલ્લા મહિલા મોરચા મંચનું આયોજન કરવામાં આવ્યું

આજે દેશ ૨૧મી સદી તરફ આગળ વધી રયો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ઝડપી વિકાસને કારણે આજે વિશ્વનો વિકાસ સામાજિક, આર્થિક, રાજકીય, વિકાસ થઈ રહ્યો છે. જેમ કે વિવિધ અધિકારો આપવામાં આવ્યા છે. વેતન, દહેજ, અનૈતિક જુલમ, હિંદુ વારસાના અધિકારો, પ્રસૂતિ લાભો નાગરિક તા ના અધિકારો વગેરે સંબંધિત ઘણા કાયદાઓ ભારતમાં અમલમાં આવ્યા છે. આ સંદર્ભ  સમાજ મા વિકાશ અનેખોટા રિવાજો અને સમાજના હિતો ને ધ્યાનમાં લઈ બનાસકાંઠા ઓદિચ્ય સહસ્ર સિદ્ધપુરા બ્રહ્મ સમાજ જિલ્લા મહિલા મોરચા મંચનું આયોજન કરવામાં આવ્યું




હતું, આ આયોજન દર વર્ષ ની જેમ આ સાલે ધાનેરા મા ઓસવાલ ભવન ખાતે રાખવામાં આવ્યું હતું.જેમાં૩૦૦ થી મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજની બહેનો હાજર રહી હતી. આયોજન મા ઇનામ, ભોજન ના દાતા રીટાબેનજોષી, વસંતીબેન જાની,ચંદ્રિકાબેન જોષી, મનીસા બેન જોષી નુ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધાનેરા ની બહેનો મા ઈન્દુબેન, ચંદ્રિકાબેન, અનિતાબેન,દક્ષાબેન, માર્ગદર્શન આપી પ્રસ્નો તરી ની આપ,-લે કરી હતી તેમજ વીસેક બહેનો એ એકઠા થઈ ખુબજ સુંદર આયોજન કર્યું હતું.

મહેમાન મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું સાંસ્કૃતિક રમતો નુ આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં સમાજમાં ખોટા ખર્ચ અને સામાજિક રિવાજો જેવી ઘણી સમસ્યાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, આ પ્રસંગે ઘણા પ્રશ્નો પણ રજૂ કરવામાં આવ્યા હતા,બીજા ઓ દ્વારા સમાજ ને ભયંકર ષડયંત્ર થી ચેતવા આગાહ કરવામાં આવ્યા હતા. સમાજ ની દીકરી સમાજ માંજ રહે તેવી વાત કરવામાં આવી હતી. અને વિધર્મી ઓ થી . દૂર રહેવાની અપીલ કરવામાં આવી હતી. આજે, ભારતમાં, સરકારના વિવિધ પ્રકારના નારી કાયદા થી વાકેફ રહેવા મહિલાઓની સશક્તિકરણ અને ભાગીદારી વિના ભારતનું સર્જન શક્ય નથી. તેથી, મહિલા સશક્તિકરણ જરૂરી છે જેથી મહિલાઓ તેમના અધિકારોથી વાકેફ ના રહી જાગૃત બને જે જરૂરી છે.

# પ્રાકૃતિક ખેતી મા શારદાબેન કોટવાળ ની પ્રેરણાદાય સફળતા



ગુજરાતના અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં આવેલ પરપોટીયા ગામમાં રહેતા શારદાબેન કોટવાલ એક સામાન્ય ગૃહિણીથી મહિલા ખેડૂત તરીકે ની સફળતાની પ્રતીક બની ગયા છે તેમની આ સફળતાની પ્રાકૃતિક ખેતી ના માધ્યમથી સ્વાસ્થ્ય આત્મ નિર્ભદા અને પર્યાવરણ સંરક્ષકનું ઉત્તમ ઉદાહરણ છે સાદા બેન ની ખેતી ની યાત્રા વર્ષ ૨૦૨૦ થી શરૂ થઈ તે પહેલા પરંપરાગત ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક નો ઉપયોગ થતો હતો જેનાથી ખર્ચ વધુ થતો અને જમીનની ફળદ્રુપતા ઘટતી જતી હતી પરંતુ શારદાબેન એ પ્રાકૃતિક ખેતી અપનાવવાનો નિર્ણય લીધો તેઓ ઘરની દેશી ગાયના છાણ અને ગૌમુત્રથી તૈયાર કરેલા કુદરતી ખાતરનો ઉપયોગ કરીને શાકભાજી અને અન્ય પાકની ખેતી કરે છે આ પદ્ધતિથી તેઓ સ્વાસ્થ્યવર્ધક રસાયણ મુક્ત શાકભાજી ઉગાડે છે જેનો સ્વાદ અને પોષણ મૂલ્ય અનોખું છે

શારદાબેન જણાવે છે કે પ્રાકૃતિક ખેતી થી માત્ર ખર્ચ ઘટ્યો નથી પરંતુ અમારા પરિવારનું સ્વાસ્થ્ય પણ સુધરી છે અમે હવે રસાયણનો ઝેર વગરનું શુદ્ધ ભોજન ખાઈએ છીએ અને પરિવાર સાથે સ્વસ્થ જીવન જીવીએ છીએ તેમની આ ખેતીમાં દેશી ગાયનું મહત્વ અનેરૂ છે ઘરની દેશી ગાયના છાણથી જીવામૃત અને ધન જીવામૃત તૈયાર કરીને જમીનને પોષણ આપવામાં આવે છે જેનાથી જમીનની વર્ધતા વધે છે અને પાક મજબૂત બને છે

આ સફળતા પાછળ ગુજરાત સરકારનું માર્ગદર્શન અને પ્રોત્સાહન મોટું યોગદાન આપે છે પ્રાકૃતિક વિકાસ બોર્ડ અરવલ્લી દ્વારા અવારનવાર તાલીમ કાર્યક્રમ અને કેમ્પોનું આયોજન કરવામાં આવે છે જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તકનીકો શીખવવામાં આવે છે આ તાલીમોથી શારદાબેન ને પ્રેરણા મળી અને તેઓ આજે અન્ય ખેડૂતો માટે આદર્શ બન્યા છે શારદાબેન ની જેમ અરવલ્લી જિલ્લામાં અનેક મહિલાઓ પ્રાકૃતિક ખેતી અપનાવી રહી છે આનાથી તેઓ માત્ર આર્થિક રીતે આત્મ નિર્ભર બની રહી છે પરંતુ સામાજિક રીતે પણ સશક્ત થઈ રહી છે તેમના ઉત્પાદનની માંગ વધી છે અને પરિવારની આવક વધારો થઈ રહ્યો છે આ મહિલાઓ પર્યાવરણનું સંરક્ષણ કરતી સાથે પોતાના અને સમાજના સ્વાસ્થ્યની કાળજી લઈ રહી છે શારદાબેન કોટવાલની આ સફળતા દર્શાવે છે કે પ્રાકૃતિક ખેતી એક જીવનની શૈલી છે જે સ્વાસ્થ્ય સમૃદ્ધ અને સ્વાવલંબન માર્ગ ખુલે છે

# જામનગર-જોડીયા હાઈવે રોડ પર હિટ એન્ડ રનના બનાવમાં બાઈક સવાર યુવાનનું ટ્રકની ઠોકરે અંતરિયાળ મૃત્યુ



જામનગર જિલ્લામાં અકસ્માતોની હારમાળા યથાવત રહી છે. જામનગર-જોડીયા ધોરીમાર્ગ પર બાલંભા ગામના પાટીયા પાસે હિટ એન્ડ રનના બનાવમાં જામનગરના એક યુવાનનું ડમ્પરની ઠોકરે ગંભીર ઈજા થવાથી અંતરિયાળ મૃત્યુ નિપજ્યું છે. જામનગરના ચાર મિત્રો આમરણ દરગાહે દર્શન કરીને પરત ફરી રહ્યા હતા, જે દરમિયાન અકસ્માત નડ્યો હતો. અકસ્માતનો બીજો બનાવ કાલાવડ નજીક ખંઢેરા પાસે બન્યો હતો. જ્યાં એકટીવા સ્કૂટર અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં જામનગરના બે યુવાનોને ગંભીર ઈજા થઈ છે, અને સારવારમાં ખસેડાયા છે.અકસ્માતનો પ્રથમ બનાવ જોડીયા જામનગર હાઈવે રોડ પર બાલંભા ગામના પાટીયા પાસે બન્યો હતો. જ્યાં પૂરપાટ ઝડપે આવી રહેલા જી.જે. ૧૦ ટી.વાય.૮૮૭૧ નંબરના ડમ્પરના ચાલકે આગળ જઈ રહેલા જી.જે. ૧૦ સી.જે. ૮૭૭૮ નંબરના બાઈકના ચાલક શકીલ મોહમ્મદ હનીફ અન્સારી નામના જામનગરના ૧૯ વર્ષીય યુવાનને હડફેટે લઇ કચડી નાખતાં તેનું આંતરિયાળ મૃત્યુ નીપજયું હતું. આ અકસ્માત બાદ ડમ્પરનો ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. મૃતક યુવાન શકીલ પોતાના અન્ય ચાર મિત્રો આફતાબ યુનુસભાઈ દરજાદા, અમન સંધી અને મહેબુબભાઈ સાથે જામનગરથી આમરણ દરગાહે દર્શન કરવા માટે ગયો હતો, અને ત્યાંથી પરત ફરી રહ્યો હતો, જે દરમિયાન બાલંભા પાસે આ ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. જે બનાવ અંગે મૃતક શકીલના પિતા મોહમ્મદ હનીફ અન્સારીએ જોડિયા પોલીસ મથકમાં ડમ્પરચાલક સામે ફરિયાદ નોંધાવતાં જોડીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.અકસ્માતનો બીજો જામનગર કાલાવડ ધોરી માર્ગ પર ખંઢેરા ગામના પાટીયા પાસે બન્યો હતો. જામનગરમાં નવાગામ ઘેડમાં રહેતા હરપાલસિંહ મહેન્દ્રસિંહ ગોહિલ (ઉંમર વર્ષ ૩૨) કે જેઓ ઈન્દ્રજીતસિંહ ગુમાનસિંહ બારડ સાથે ધંધાના કામ અર્થે જામનગરથી કાલાવડ રોડ તરફ જઈ રહ્યા હતા× જે દરમિયાન ખંઢેરા ગામના પાટીયા પાસે જી.જે.૧૦ ટી.વાય. ૩૮૩૭ નંબરના ટ્રકના ચાલકે હડફેટમાં લઈ લેતાં અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં બંને યુવાનો ગંભીર સ્વરૂપે ઘાયલ થઈ ગયા છે, અને કાલાવડની સરકારી હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ હરપાલસિંહને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં તેમજ ઈન્દ્રજીતસિંહજીને રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, અને બંનેની સારવાર ચાલી રહી છે. આ અકસ્માતના બનાવવા અંગે ઈજાગ્રસ્ત હરપાલસિંહના પત્ની પૂર્ણાબા ગોહીલે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

# ઇન્દિરાનગર દુષ્કર્મ કેસનો આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં ધકેલાયો:ચાર વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ ગુજારનાર રામગનીત યાદવના રિમાન્ડ પૂર્ણ

ગાંધીનગર સેક્ટર-૨૪ના ઈન્દિરાનગર છાપરા વિસ્તારમાં ચાર વર્ષની માસૂમ બાળકી સાથે થયેલા દુષ્કર્મ કેસમાં સમગ્ર ગુજરાતમાં રોષની લાગણી જન્માવી હતી. ગાંધીનગર પોલીસે ગણતરીના દિવસોમાં જ બિહારનો વતની અને સેક્ટર-૨૫ જેંઢ્ઝમાં મજૂરી કરતા રામગનીત દેવ નંદન યાદવને દબોચી લીધો હતો. આરોપીના ચાર દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં આજે કોર્ટે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો છે.

ગાંધીનગરને હચમચાવી નાખનાર સેક્ટર-૨૪ દુષ્કર્મ કેસમાં પોલીસે નરાધમ આરોપી વિરુદ્ધ કડક કાયદાકીય સકંજો કસ્યો છે. પોલીસ પર હુમલો કરી ભાગવાનો પ્રયાસ કરનાર બિહારના આરોપી રામગનીત યાદવના રિમાન્ડ પૂર્ણ થતા હવે તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. આરોપી રામગનીત ઈન્દિરા નગરની એક કરિયાણાની દુકાને ખરીદી કરવા આવતો હતો, જ્યાં તેની નજર આ બાળકી પર પડી હતી. આરોપીએ આ કૃત્ય આચરવા માટે ૧૦ દિવસ પહેલાથી પ્લાન ઘડી કાઢ્યો હતો અને સતત બાળકીની રેકી કરતો હતો. આ કૃત્ય આચરીને તેની વતન ભાગી જવાની તૈયારીઓ હતી.

૧૫મી ડિસેમ્બરની મધરાતે જ્યારે પરિવાર સૂતો હતો, ત્યારે તેણે બાળકીનું મોઢું દબાવી અપહરણ કર્યું અને નજીકની ઝાડીઓમાં લઈ જઈ હેવાનીયત આચરી હતી. દુષ્કર્મ બાદ બાળકી બેભાન થઈ ગઈ હતી. ત્યારે આરોપી ત્યાંથી ભાગી ગયો હતો, પરંતુ થોડીવાર પછી તે પાછો એ ચેક કરવા આવ્યો હતો કે બાળકી જીવતી છે કે મરી ગઈ છે. જોકે કુદરતી કરામત કહો કે બાળકીની હિંમત તે હોશમાં આવતા જ અંધારામાં લથડતા પગે પોતાના પરિવાર પાસે પહોંચી ગઈ હતી. જેના કારણે આ આખી ઘટનાનો પર્દાફાશ થયો હતો.જોકે, ધરપકડ બાદ જ્યારે પોલીસ આરોપીને ઘટનાસ્થળે રિ-કન્સ્ટ્રક્શન માટે લઈ ગઈ હતી, ત્યારે તેણે પોલીસ પર હુમલો કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat